# સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ (COVID-19)**

**તા.૦૧/૦૪/૨૦૨૧**

સુરત શહેરમાં હાલમાં કોરોના વાયરસના સંક્રમણનું પ્રમાણ તેજ ગતિએ વધી રહ્યું હોય જેને વહેલામાં વહેલી તકે નિયંત્રિત કરવા માટે માન.મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની,IAS ખૂબ જ જહેમત ઉઠાવી રહ્યા છે અને શહેરમાં કોવિડ–૧૯ ની તમામ પ્રકારની કામગીરી ઝડપી થાય તે માટે કરવામાં આવતી કામગીરીનું પ્રતિદિન વિવિધ સંક્રમિત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લઈ શહેરમાં વધતાં કોરોના વાયરસના અટકાયતી પગલાઓ લઈ  રહ્યા છે.

કોરોના વાયરસના વધુ પડતા સંક્રમણની  પરિસ્થિતિને ધ્યાને લઈ આજરોજ સવારે માન.મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની,IAS એ લિંબાયત ઝોનના ડીંડોલી વિસ્તારમાં મિલેનિયમ પાર્ક, કૃષ્ણકુંજ સોસાયટી, ઓમનગર અને ડીંડોલી ગામમાં માઈક્રો કન્ટેનમેન્ટ વિસ્તારની મુલાકાત લઈ આ વિસ્તારમાં કોરોના વાયરસનું સંક્રમણ વધુ ન ફેલાય તે માટે કોવિડ–૧૯ ની કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરી શહેરીજનો કોવિડ–૧૯ની ગાઈડલાઈનનું પાલન થાય, વધુમાં વધુ  લોકો વેકિસનેશન કરાવે.

મા.કમિશનરશ્રી બંછાનિધિ પાની,IAS એ ડીંડોલી વિસ્તારમાં આવેલ સુરેશ દલાલ સ્કુલ અને બીલીયાનગર, APMC શાકભાજી માર્કેટ અને મિલેનીયમ માર્કેટ તથા કોસાડ ખાતે આવેલ સ્કુલ નં.૧૮૧ માં કાર્યરત વેકિસનેશન સેન્ટરની મુલાકાત લઈ કરવામાં આવતી કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતુ. હાલમાં શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ ખુબ વધી રહયું હોય જેથી હાલના તબકકે આપણા માટે વેકિસન લેવું ખુબ હિતાવહ છે જેથી આપણે અને આપણું પરિવાર કોરોના સામે સુરક્ષિત રહી શકે અને અન્ય લોકોને પણ સંકમિત થતા અટકાવવા માટે શહેરીજનો સહકાર આપે. વધુમાં શહેરીજનો વેકિસનેશન સેન્ટરની માહિતી https://tinyurl.com/Covid19VaccinationRegistration/ લીંક પરથી મેળવી શકાશે.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,સમાચાર યાદી નં.૦૯**
**તા.૦૧/૦૪/૨૦૨૧**